श्री 

# द्रौपदी चीराकर्षण.

बनावनार

કુતીયાણાના મરહુમ ભાટ હરીદાસ.

छपावी प्रसिद्ध करनार

ડ. કાનજી માધવજીની અમૃતાબાદ કંપની

પોરબંદર.

[આવૃતિ ૧ લી, પ્રત ૧૦૦૦]

અમદાવાદ.

રીચીરોડ ઉપર સત્યપ્રકાશ પ્રેસમાં છાપ્યું.

સંવત ૧૯૪૬. સને ૧૮૯૦.

કિમ્મત નવ પાઈ.

☞ ઓપોને તથા હરીભકતોને વાંચવા માટે આ કવીતા છપાવવા એક હરીભક્તે સુચના કર્યાથી, તેનો નાશ ન થાય તેટલા માટે અમારા તરફથી છપાવવામાં આવી છે. તા. ૫ સપ્ટેંબર સને ૧૮૯૦ ઇ. મુ. પોરબંદર.

ઠ. કાનજી માધવજી.

અમૃતાબાદ કંપનીના વ્યવસ્થા કરનાર

॥ श्री ॥

# द्रौपदी चीराकर्षण.

મોહનજીને ગોકુલાને મોસાળે.—એ રાહ.

પ્રથમ સરસ્વતી ગુણપતી ગાયે,
પદ પૂજીને પાવન થાયે;
નીત્યે કૃષ્ન તણા ગુણ ગાયે,
ગરૂડ ચડી આવજે ગિરધારી. ૧

માતા કુન્તાજી છે શુભ મતી,
સતી સાધવી છેજ દ્રૌપદી;
તેના બહુ નામી છે પતી,
ગરૂડ ચડી આવજો ગિરધારી. ૨

રાજા ધર્મ તે ધર્મનું ધ્યાન,
અરજુન નામે વિશ્રામ;
ભીમસેન તમારે આરામ,

[redacted]



ગરૂડ ચડી આવજો ગિરધારી. ૩

કુંવર નિકૂળમાં બળ કહાવે,
સહદેવ જોશી જશ ગાવે;
પાંચે પાંડવનાં તન કહાવે,
ગરૂડ ચડી આવજો ગિરધારી. ૪

હસનાપૂરમાં હોડ મંડાણા,
માંડી ધુત ને પાસાઓ ઢાળ્યા;
પેહેલે પાસે હસ્નાપૂર હાર્યાં,
ગરૂડ ચડી આવજો ગિરધારી. ૬

બીજે પાસે તે ગયું ભંડાર,
ત્રીજે પાસે ઉભાનો નહીં ડાર;
એમ હાર્યાં તે વારમવાર,
ગરૂડ ચડી આવજો ગિરધારી. ૭

ચોથે પાસે ચાતુરી વિચારી,
પાંચમે હાર્યા દ્રૌપદી નારી,
હરી લાજ રાજાને હમારી,
ગરૂડ ચડી આવજો ગિરધારી. ૮

થયો અંધનો અંધ જોડાણો,
બુદ્ધી બૂડીને બહુરે બહેકાણો;
સભા દેખીને તુર્ત ફુલાણો,
ગરૂડ ચડી આવજો ગિરધારી. ૯

મેલ્યા દૂત તે તેડવા જાયે,
સતીને લાવો સભાની માંહે;
કરે કેશ ઝાલીને સાથે,
ગરૂડ ચડી આવજો ગિરધારી. ૧૦

સતી ભરી સભા માંહે આવી,
છુટે કેશે ને મનમાં લજાણી;
તેને દુર્યોધને બોલાવી,
ગરૂડ ચડી આવજો ગિરધારી. ૧૧

પાંચે પાંડવ બેઠા છે જ્યાંહે,
મોટા રાજા સભાની ત્યાંહે;
આવી બેસોને ખોળાની માંહે,
ગરૂડ ચડી આવજો ગિરધારી. ૧૨

ત્યારે સતીએ દીધો છે શરાપ,

તુને લાગ્યું પુરવનું પાપ;
આજે બેસશે શોક સંતાપ,
ગરૂડે ચડી આવજો ગિરધારી. ૧૨

આજે બેસે ગદા ભીમ ફેરી,
તુને કાળે લીધો છે ઘેરી;
તેં પાંડવ કુળ કીધું છે વેરી,
ગરૂડે ચડી આવજો ગિરધારી. ૧૩

ઉઠયો દુશાશન ચીર ઉતારે,
સતી ત્રાહે ત્રાહેરે પોકારે;
પ્રભુ આવો સતી તણી વારે,
ગરૂડે ચડી આવજો ગિરધારી. ૧૪

સ્વસ્તી શ્રી દ્વારા-મતી ઠામ,
જયાં પોઢયા છે શ્રી ભગવાન;
હૃદયે આવ્યું સતીનું ધ્યાન,
ગરૂડે ચડી આવજો ગિરધારી. ૧૫

હરી ચમકીને ઊઠયા મન,
લખમીજી બોલ્યાં ત્યાં વચન;

ખમાં ખમાંરે જુગજીવન,
ગરૂડ ચડી આવજો ગિરધારી. ૧૬

જણમીજી કરે છે વિનતી,
કેમ જાગ્યા કમળાના પતી;
હજી રાત તો કંઇ ગઇ નથી,
ગરૂડ ચડી આવજો ગિરધારી. ૧૭

હસી હરી બોલ્યારે વચન,
તુંતો સાંભળ સમુદ્રની તન;
મારાં દ્રૌપદી દુભાણાં મન,
ગરૂડ ચડી આવિયા ગિરધારી. ૧૮

હરિયે આવી દીધું દરશન,
તેને કોઇ ન દેખે રાજન;
એક દ્રૌપદી હરખ્યાં મન,
ગરૂડ ચડી આવિયા ગિરધારી. ૧૯

ચીર પૂર્યાં હરીયે પુરાં,
ઘડ બંધાં ને વળી કોરાં;
સહુ સભા દેખંતાં ન્હોરાં,

ગરૂડે ચડી આવિયા ગિરધારી. ૨૧

એતો દત્ત પુરવનું જાણ્યું,
આંગળીયે બાંધ્યું ઓળખાણું;
ચીર પુર્યાં છે નવસેં નવ્વાણું,
ગરૂડે ચડી આવિયા ગિરધારી. ૨૨

ત્યારે હરીને ચડી છે રીસ,
ચક્ર ધરી લીધું જગદીશ;
હમણાં છેદું પાપીતણું શીશ,
ગરૂડે ચડી આવિયા ગિરધારી. ૨૩

ત્યારે ભીષ્મ બોલ્યા છે વચન,
ચેત ચેત તું અંધના તન;
વ્હારે આવ્યા છે જુગજીવન,
ગરૂડે ચડી આવિયા ગિરધારી. ૨૪

દુર્યોધન કરે વિનંતી,
કહો ઘેરે પધારે એ સતી;
એમ બોલ્યો છે છત્રનો પતી,
ગરૂડે ચડી આવિયા ગિરધારી. ૨૫

સતી પોતાને મંદીરે આવી,
તેતો ફરીને શીશ નમાવી;
આવતાં કુન્તાજીયે બોલાવી,
ગરૂડે ચડી આવિયા ગિરધારી. ૨૬

ચીર પૂર્યાં રાજા રણછોડ,
એતો જુગત મોશાળાંની જોડ;
શીખે સાંભળે તેના પો'ચે કોડ,
ગરૂડે ચડી આવિયા ગિરધારી. ૨૭

ગાય ક્ષત્રી તે દાસનો દાસ,
એનો કુંતલપુરમાં છે વાસ;
ગુણ નિત્ય ગાયે હરદાસ,
ગરૂડે ચડી આવિયા ગિરધારી. ૨૮

સમાપ્ત.

HONI SOIT QUI MAL Y PENSE

DIEU ET MON DROIT

